# અમદાવાદ જીલ્લાના મધ્યમ કદના ઉદ્યોગોનું એકમોને આધારે વિશ્લેષણ

*1પ્રા. ઝાહીદહુસેન શેખ , 2ડૉ. એન. આર. શાહ

*1*Research Scholar Asst. Prof. Smt. M.P. Patel College of Commerce, Kadi, Gujarat (India)*
2*Research Guide, Department of Economics, Saurashtra University, Rajkot, Gujarat (India)*

**ARTICLE DETAILS**

**Article History**
*Published Online:* 30 December 2017

**Keywords**
સૂક્ષ્મ, મધ્યમ કદના એકમો, શહેરી વિસ્તાર, વિકાસરૂપી, તાલુકા

**ABSTRACT [સારાંશ]**

*અભ્યાસમાં પ્રત્યેક ૧૧ તાલુકા માટે તેના સૂક્ષ્મ અને મધ્યમ કદના એકમોનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. જે અમદાવાદ જિલ્લા માટે આર્થિક વિકાસમાં નાના પાયાના એકમોનું યોગદાન માપવામાં મદદરૂપ બનશે. વિવિધ અભ્યાસ સૂક્ષ્મ કદના એકમો માટે લેવાયેલ છે. જેના મુખ્ય ત્રણ માપદંડ કુલ સ્થાપિત એકમોની સંખ્યા, એકમોમાં થયેલું રોકાણ તથા એકમો દ્વારા પૂરી પાડવામાં આવેલી રોજગારી બાબતે અભ્યાસ કરવામાં આવ્યા છે. મધ્યમ કદના એકમોનો તાલુકા કક્ષાએ તથા જિલ્લા કક્ષાએ વિકાસમાં કેટલો ફાળો છે તેનો અભ્યાસ વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ દરમિયાન ઉપરોક્ત ત્રણ માપદંડ માંથી કુલ એકમોની સંખ્યા આધારે વિશ્લેષણ મેળવી તારણો મેળવવામાં આવ્યા છે. તે માટે પ્રત્યેક ૧૧ તાલુકા માટે વિગતો મેળવો તેમનું ટકાવારી વિશ્લેષણ, વર્ણનાત્મક વિશ્લેષણ અને વિચરણના પૃથ્થકરણને આધારે તારણો મેળવવામાં આવ્યા છે.*

## INTRODUCTION

### ૧. મધ્યમ કદના ઉદ્યોગોનું સ્થાપિતએકમોને સંદર્ભેવિશ્લેષણ

વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬દરમિયાન પ્રત્યેક ૧૧ તાલુકામાં મધ્યમ કદના કુલ કેટલા એકમો સ્થાપવામાં આવ્યા તથા તેમના દ્વારા વધુ વિકાસ થઈ શક્યો છે કે તેમ તેનો અભ્યાસ આ વિભાગમાં લેવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ દરમિયાન મધ્યમ કદના કુલ એકમો મેળવી છેલ્લા દસ વર્ષમાં સ્થાપિત થયેલા કુલ એકમોની ટકાવારીમાં મેળવી તેનું વિશ્લેષણ પરિશિષ્ટ ૧માં રજૂ કરવામાં આવ્યું છે. તથા પ્રત્યેક તાલુકા માટે મધ્યમ કદના એકમોની સધ્ધરતા અને વિકાસની વિગતે ચર્ચા કરવામાં આવી છે.

#### *૧.૧ અમદાવાદ શહેરના મધ્યમ કદના ઉદ્યોગોના એકમોનો અભ્યાસ*

પરિશિષ્ટ ૧.૧ ( A અને B)માં વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ની મધ્યમ કદના એકમો માટેની માહિતી તેના દસ વર્ષના કુલ એકમોની ટકાવારી સાથે દર્શાવવામાં આવી છે તે મુજબ અમદાવાદ શહેરી વિસ્તારમાં વર્ષ ૨૦૦૭ દરમિયાન બે એકમો કાર્યરત હતા તેમ દર્શાવે છે જે છેલ્લા દસ વર્ષના કુલ એકમોના ૦.૯૪% જેટલા નોંધવામાં આવ્યા છે વર્ષ ૨૦૦૮માં મધ્યમ કદના કુલ ૧૪ એકમો અમદાવાદ શહેરી વિસ્તારમાં નોંધવામાં આવ્યા હતા જે ૬.૫૭% જેટલો હિસ્સો ધરાવતા હતા. વર્ષ ૨૦૦૭ની સરખામણીમાં આ વર્ષે નવા ૧૨ એકમો નોંધવામાં આવ્યા હતા. જે છેલ્લા દસ વર્ષના કુલ એકમોમાં ૫.૬૩% જેટલો વધારો સૂચવે છે. વર્ષ ૨૦૦૮ની સરખામણીમાં ૨૦૦૯ દરમિયાન ત્રણ એકમો ઓછા થવા પામ્યા હતા. આમ , વર્ષ ૨૦૦૯ દરમિયાન કુલ ૧૧ મધ્યમ કદના એકમો અમદાવાદ શહેરી વિસ્તારમાં કાર્યરત હતા. પાછલા વર્ષની સરખામણીમાં છેલ્લા દસ વર્ષના કુલ એકમોની સરખામણીમાં આ વર્ષ ૧.૪૧% ઘટાડો નોંધવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૦દરમિયાન કુલ ૨૮ એકમો કાર્યરત હતા જે ૧૩.૧૫% જેટલો હિસ્સો ધરાવે છે. વર્ષ ૨૦૦૯ની સરખામણીમાં આ વર્ષે નવા ૧૭ એકમો કાર્યરત હતા.

**પરિશિષ્ટ: ૧.૧ (A) મધ્યમ કદના ઉદ્યોગોના તાલુકવાર એકમો (વર્ષ૨૦૦૭થી૨૦૧૬)**

| તાલુકો | ૨૦૦૭ | % | ૨૦૦૮ | % | ૨૦૦૯ | % | ૨૦૧૦ | % | ૨૦૧૧ | % |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૨ | ૦.૯૪ | ૧૪ | ૬.૫૭ | ૧૧ | ૫.૧૬ | ૨૮ | ૧૩.૧૫ | 33 | ૧૫.૪૯ |

© RRIJM 2015, All Rights Reserved

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બાવળા | ૧ | ૧૨.૫0 | ૧ | ૧૨.૫0 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 |
| દસ્ક્રોઈ | 0 | 0.00 | ૨ | ૧૬.૬૭ | ૨ | ૧૬.૬૭ | ૨ | ૧૬.૬૭ | ૨ | ૧૬.૬૭ |
| ધોળકા | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | ૧ | ૧00.00 | 0 | 0.00 |
| સાણંદ | 0 | 0.00 | ૭ | ૧૯.૪૪ | ૨ | ૫.૫૬ | ૧૧ | 30.૫૬ | 0 | 0.00 |
| રાણપુર | 0 | 0.00 | 0 | 0.00 | ૧ | ૧00 | 0 | 0.00 | 0 | 0.00 |
| વિરમગામ | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 |
| દેત્રોજ-રામપુરા | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 3 | ૧00.00 |
| ધંધુકા | 0 | 0.00 | 0 | 0.00 | 3 | ૭૫.00 | ૧ | ૨૫.00 | 0 | 0.00 |
| માંડલ | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 |
| બરવાળા | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 |

**પરિશિષ્ટ: ૧.૧ (B) મધ્યમ કદના ઉદ્યોગોના  તાલુકવાર એકમો  (વર્ષ૨00૭થી૨0૧૬)**

| તાલુકો | ૨0૧૨ | % | ૨0૧૩ | % | ૨0૧૪ | % | ૨0૧૫ | % | ૨0૧૬ | % |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૨૭ | ૧૨.૬૮ | ૨0 | ૯.3૯ | ૨૮ | ૧3.૧૫ | ૨૧ | ૯.૮૬ | ૨૯ | ૧3.૬૨ |
| બાવળા | 0 | 0.00 | 3 | 3૭.૫0 | 0 | 0.00 | 3 | 3૭.૫0 | 0 | 0.00 |
| દસ્ક્રોઈ | ૨ | ૧૬.૬૭ | ૨ | ૧૬.૬૭ | ૨ | ૧૬.૬૭ | ૨ | ૧૬.૬૭ | ૨ | ૧૬.૬૭ |
| ધોળકા | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 |
| સાણંદ | ૪ | ૧૧.૧૧ | ૨ | ૫.૫૬ | ૪ | ૧૧.૧૧ | ૬ | ૧૬.૬૭ | ૭ | ૧૯.૪૪ |
| રાણપુર | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 |
| વિરમગામ | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 |
| દેત્રોજ-રામપુરા | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 |
| ધંધુકા | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 |
| માંડલ | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 |
| બરવાળા | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 |

સ્ત્રોત: **Industry Commissionerate Govt. of Gujarat**

ઉપરોક્ત દસ વર્ષના કુલ એકમોની સંખ્યામાં આ વર્ષે ૭.૯૯% જેટલો વધારો થયો હતો. વર્ષ ૨0૧૧ દરમિયાન અન્ય ૫ મધ્યમ કદના એકમો વધવા પામ્યા હતા. જે ૨.3૪% વધારો સૂચવે છે. આમ , વર્ષ ૨0૧૧ દરમિયાન મધ્યમ કદના કુલ 33એકમો અમદાવાદ શહેરી વિસ્તારમાં કાર્યરત હતા.આમ, વર્ષ ૨00૭ થી ૨0૧૧ દરમિયાન પાંચ વર્ષના અભ્યાસમાં વર્ષ ૨00૯ દરમિયાન મધ્યમ કદના એકમો ઘટવા પામ્યા હતા ત્યારબાદ ૨0૧0 થી તેમની પ્રગતિ નોંધાયેલ છે.

વર્ષ ૨0૧૨ દરમિયાન કુલ ૧૨ મધ્યમ કદના એકમો નોંધવામાં આવ્યા હતા. જે ૧૨.૬૮% જેટલો ફાળો ધરાવતા હતા. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ૬ એકમો  ઘટવા પામ્યા હતા જે કુલ એકમોમાં ૨.૮૧% જેટલી ઘટ ધરાવે છે. વર્ષ ૨0૧3 દરમિયાન અન્ય ૭ એકમો ઘટવા પામ્યા હતા. આમ નાણાકીય વર્ષ ૨0૧3માટે માત્ર ૨0મધ્યમ કદના એકમો અમદાવાદ શહેરી વિસ્તારમાં કાર્યરત હતા. જે ૯.3૯% જેટલી હિસ્સેદારી નોંધાવતાં હતા. છેલ્લા ત્રણ વર્ષના અભ્યાસમાં વર્ષ ૨0૧૧ બાદ વર્ષ ૨0૧૨ તથા વર્ષ ૨0૧3 માટે મધ્યમ કદના એકમોની સંખ્યા ઘટવા પામી હતી જે આ વર્ષો દરમિયાન આર્થિક વિકાસ રૂંધાયેલો હશે તેમ દર્શાવે છે.  વર્ષ ૨0૧૪ દરમિયન કુલ ૨૮ એકમો કાર્યરત હતા જે પાછલા વર્ષ કરતાં ૮ વધુ હતા. આમ , આ વર્ષ દરમિયાન કુલ ૧3.૧૫% હિસ્સેદારી અમદાવાદ શહેરી વિસ્તારના મધ્યમ કદના એકમોમાં નોધાયેલ હતા. વર્ષ ૨0૧૪નું વર્ષ ૨0૧૨ અને ૨0૧3 બાદ વિકાસરૂપી સ્થાપિત થયું હતું. વર્ષ ૨0૧૫ દરમિયાન ૭ એકમો ઓછા નોંધાતા કુલ ૨૧ મધ્યમ કદના એકમો અમદાવાદ શહેરી વિસ્તારમાં કાર્યરત હતા. જે ૯.૮૬% જેટલી હિસ્સેદારી નોંધાવતાં હતા. પાછલા વર્ષની સરખામણીમાં આ વર્ષે 3.૨૯%જેટલા એકમો ઓછા થવા પામ્યા હતા. હિસાબી વર્ષ ૨0૧૬ દરમિયાન કુલ ૨૯ એકમો કાર્યરત હતા. જે  વર્ષ ૨0૧૫ની કક્ષાએ ૮ વધવા પામ્યા હતા. આમ, વર્ષ ૨0૧૬દરમિયાન કુલ ૧3.૬૨% એકમો હિસ્સેદારી નોંધાવતાં હતા. અમદાવાદ શહેરી વિસ્તાર માટે મધ્યમ કદના

© RRIJM 2015, All Rights Reserved

એકમોના માટે વત્તા ઓછા અંશે ચઢ ઉતારનો ચિતાર આપે છે. જે મધ્યમ કદના એકમોની સ્થિરતા અચોક્કસ છે તેમ દર્શાવે છે.

### *૧.૨ બાવળા તાલુકાના મધ્યમ કદના ઉદ્યોગોના એકમોનો અભ્યાસ*

બાવળા તાલુકામાં વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ કુલ ૮ મધ્યમ કદના એકમો કાર્યરત રહ્યા છે જેમાં વર્ષ ૨૦૦૭ તથા ૨૦૦૮ માટે માત્ર એક એકમ કાર્યરત હતો જે ૧૨.૫% જેટલી હિસ્સેદારી નોંધાવે છે. ત્યારબાદ વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૨ દરમિયાન મધ્યમ કદના એકમોમાં કોઈજ વધારો થવા પામ્યો ન હતો. વર્ષ ૨૦૧૩ દરમિયાન ૩ મધ્યમ કદના એકમાઓ કાર્યરત રહ્યા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૫માં ૩એકમો નોંધવામાં આવ્યા હતા. જે ૩૭.૫% હિસ્સેદારી નોંધવામાં આવે છે. અન્ય વર્ષો દરમિયાન મધ્યમ કદના એકમોના વિકાસ થવા પામ્યો નથી. આમ , બાવળા તાલુકામાં મધ્યમ કદના એકમો નહિવત છે તેમ કહી શકાય પરિણામે જિલ્લા કક્ષાએ બાવળા તાલુકાનો ફાળો ખુબજ ઓછો છે તેમ કહી શકાય.

### *૧.૩ દસ્ક્રોઈ તાલુકાના મધ્યમ કદના ઉદ્યોગોના એકમોનો અભ્યાસ*

દસ્ક્રોઈ તાલુકાનો ૨૦૦૭ થી ૨૦૧૬ના વર્ષનો મધ્યમ કદના એકમોનો અભ્યાસ પરિશિષ્ટ ૧માં રજૂ કરવામાં આવ્યો છે જે મુજબ વર્ષ ૨૦૦૭ દરમિયાન કોઈજ મધ્યમ કદનો એકમ નોંધવામાં આવ્યો નથી. વર્ષ ૨૦૦૮ દરમિયાન ૨ એકમો કાર્યરત હતા તેમ નોંધવામાં આવ્યું છે જે ૧૬.૬૭% જેટલી હિસ્સેદારી નોંધાવે છે. ત્યારબાદ તાલુકા કક્ષાએ પ્રત્યેક વર્ષ માટે માત્ર બેજ એકમો કાર્યરત છે ,આમ, દસ્ક્રોઈ તાલુકામાં મધ્યમ કદના એકમોની સંખ્યામાં કોઈ નોંધપાત્ર વધારો જોવા મળ્યો નથી. આ વિશ્લેષણ તાલુકાનાં મધ્યમ કદના એકમો માટે સ્થિરતા ધરાવે છે જે દર્શાવે છે કે છેલ્લા દસકમાં તાલુકામાં મધ્યમ કદના એકમોનો કોઈજ વિકાસ થવા પામ્યો નથી.

### *૧.૪ ધોળકા તાલુકાના મધ્યમ કદના ઉદ્યોગોના એકમોનો અભ્યાસ*

ધોળકા તાલુકા માટે વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ની પ્રાપ્ત માહિતી મુજબ વર્ષ ૨૦૧૦ દરમિયાન એકજ એકમ ઊભો થવા પામ્યો હતો. ત્યારબાદ વર્ષ ૨૦૧૬ સુધી તાલુકા કક્ષાએ મધ્યમ કદના એકમોનો વિકાસ થવા પામ્યો નથી. આમ , છેલ્લા દસકામાં ધોળકા તાલુકાનું યોગદાન પણ નહિવત રહ્યું છે.

### *૧.૫ સાણંદ તાલુકાના મધ્યમ કદના ઉદ્યોગોના એકમોનો અભ્યાસ*

સાણંદ તાલુકાનાં અભ્યાસમાં વર્ષ ૨૦૦૭ દરમિયાન મધ્યમ કદનો એક પણ એકમ વધવા પામ્યો ન હતો. વર્ષ ૨૦૦૮ દરમિયાન કુલ ૭ મધ્યમ કદના એકમો કાર્યરત હતા જે ૧૯.૪૪% જેટલો ફાળો નોંધાવે છે. વર્ષ ૨૦૦૯ દરમિયાન માત્ર ૨ એકમો નોંધવામાં આવ્યા હતા જે પાછલા વર્ષની સરખામણીમાં ૧૩.૮૮% જેટલા ઓછા હતા. વર્ષ ૨૦૧૧ દરમિયાન કુલ ૧૧ એકમો કાર્યરત થયા હતા જેમાં આ વર્ષે પાછલા વર્ષની સરખામણીમાં ૯ નવા એકમો ઊભા થવા પામ્યા હતા. જે ૩૦.૫૬% જેટલી હિસ્સેદારી વિકાસમાં નોંધાવે છે. વર્ષ ૨૦૧૧ દરમિયાન એક પણ નવો એકમ સ્થાપિત થવા પામ્યો ન હતો. જ્યારે  વર્ષ ૨૦૧૨ દરમિયાન કુલ ૪ એકમો નોંધવામાં આવ્યા હતા જે  ૧૧.૧૧% જેટલી હિસ્સેદારી છેલ્લા દસ વર્ષના ઉદ્યોગોના દર્શાવે છે. પાછલા વર્ષની સરખામણીમાં આ વર્ષે ૧૧.૧૧% જેટલો વધારો થયો છે તેમ કહી શકાય. વર્ષ ૨૦૧૩ દરમિયાન કુલ ૨ એકમો વધવા પામ્યા હતા જે વર્ષ ૨૦૧૨ની સરખામણીમાં ૫.૫૫% જેટલા ઓછા હતા. ગત વર્ષની સરખામણીમાં ૨ એકમો ઓછા નોંધાયા હતા. વર્ષ ૨૦૧૪ દરમિયાન કુલ ૪ મધ્યમ કદના એકમો વધાવ પામ્યા હતા ત્યારબાદ વર્ષ ૨૦૧૫ દરમિયાન ૫ અને વર્ષ ૨૦૧૬ માટે ૭મધ્યમ કદના એકમો નોંધવામાં આવ્યા હતા. આમ , છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન મધ્યમ કદના એકમોનો વિકાસ નોંધપાત્ર રહ્યો હતો. સાણંદ તાલુકામાં વર્ષ ૨૦૦૯ ,૨૦૧૧ તથા ૨૦૧૩ મધ્યમ કદના એકમોના વિકાસમાં નબળા સાબિત થયા હતા.

### *૧.૬ રાણપુર તાલુકાના મધ્યમ કદના ઉદ્યોગોના એકમોનો અભ્યાસ*

રાણપુર તાલુકામાં વર્ષ ૨૦૦૯ દરમિયાન માત્ર એકજ એકમ કાર્યરત નોંધવામાં આવ્યો છે  ત્યારબાદ વર્ષ ૨૦૧૬ સુધી એક પણ એકમ વધવા પામ્યો નથી. આમ , રાણપુર તાલુકો મધ્યમ કદના એકમોની દ્રષ્ટિએ પછાત રહેવા પામ્યો છે તથા આર્થિક વિકાસમાં તેનું યોગદાન ખુબજ ઓછું છે તેમ કહી શકાય.

### *૧.૭ વિરમગામ તાલુકાના મધ્યમ કદના ઉદ્યોગોના એકમોનો અભ્યાસ*

વિરામગામ તાલુકામાં વર્ષ ૨૦૦૭ થી  ૨૦૧૬ની પ્રાપ્ત માહિતી દર્શાવે છે કે તાલુકા કક્ષાએ એક પણ મધ્યમ કદનું એકમ કાર્યરત રહ્યું નથી આમ , મધ્યમ કદના એકમની દ્રષ્ટિએ વિરમગામ તાલુકો સૌથી પાછળ રહ્યો છે.

© RRIJM 2015, All Rights Reserved 

### ૧.૮ દેત્રોજ - રામપુરા તાલુકાના મધ્યમ કદના ઉદ્યોગોના એકમોનો અભ્યાસ

દેત્રોજ-રામપુરા તાલુકા માટે મધ્યમ કદના એકમોનો અભ્યાસ વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ દરમિયાન મધ્યમ કદના એક પણ એકમ કાર્યરત રહ્યા નથી. આમ , વિરમગામ બાદ દેત્રોજ-રામપુરા, માંડલ અને બરવાળા તાલુકામાં મધ્યમ કદના એક પણ એકમ નોંધાયા નથી. કુલ ૧૧ તાલુકામાંથી ૪ તાલુકામાં મધ્યમ કદના એક પણ નોંધાયા નથી. આમ , અમદાવાદ જિલ્લા કક્ષાએ આ ચાર તાલુકાનું યોગદાન ખુબજ ઓછું છે તેમ કહી શકાય.

### ૧.૯ ધંધુકા તાલુકાના મધ્યમ કદના ઉદ્યોગોના એકમોનો અભ્યાસ

ધંધુકા તાલુકામાં વર્ષ ૨૦૦૯ દરમિયાન કુલ ત્રણ એકમો અને વર્ષ ૨૦૧૦ દરમિયાન એક મધ્યમ કદનો એકમ નોંધવામાં આવ્યો છે. ત્યારબાદ વર્ષ ૨૦૧૬ સુધી એક પણ એકમ નોંધવામાં આવ્યો નથી.

### ૨. મધ્યમ કદના ઉદ્યોગોના એકમોનો વર્ણનાત્મક અભ્યાસ

મધ્યમ કદના એકમોના અભ્યાસ પરથી કહી શકાય કે અમદાવાદ જિલ્લા કક્ષાએ અમદાવાદ શહેરી વિસ્તાર , દસ્ક્રોઈ, બાવળા અને સાણંદ તાલુકા વિકાસશીલ રહ્યા છે અન્ય સાત તાલુકા મધ્યમ કદના એકમો સ્થાપવામાં તથા તેમનો વિકાસ કરવામાં નિષ્ફળ રહ્યા છે પરિણામે કહી શકાય કે અમદાવાદ જિલ્લાના આર્થિક વિકાસમાં મધ્યમ કદના એકમોનું યોગદાન સૌથી ઓછું નોંધાયું છે. છેલ્લા દસ વર્ષના અભ્યાસમાં મધ્યમ કદના ઉદ્યોગોનો વિકાસ ન થવો તે આર્થિક વિકાસ ઓછો થવા માટેનું ફળીભૂત કારણ ગણાવી શકાય.

**પરિશિષ્ટ: ૧.૨ મધ્યમ કદના ઉદ્યોગોના એકમોનો વર્ણનાત્મક અભ્યાસ**

| | પ્ર. દોષ | મધ્યસ્થ | પ્ર. વિચલન | ચલનાંક |
|---|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૧.૪૪ | ૧૧.૨૭ | ૪.૫૭ | ૨૦.૮૭ |
| બાવળા | ૪.૮૬ | 0.00 | ૧૫.૩૭ | ૨૩૬.૧૧ |
| દસ્ક્રોઈ | ૧.૬૭ | ૧૬.૬૭ | ૫.૨૭ | ૨૭.૭૮ |
| ધોળકા | ૧૦ | 0.00 | ૩૧.૬૨ | ૧૦૦૦ |
| સાણંદ | ૩.૦૭ | ૧૧.૧૧ | ૯.૭૨ | ૯૪.૩૯ |
| રાણપુર | ૧૦ | 0.00 | ૩૧.૬૨ | ૧૦૦૦ |
| વિરમગામ | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| દેત્રોજ- રામપુરા | ૧૦ | 0.00 | ૩૧.૬૨ | ૧૦૦૦ |

મધ્યમ કદના એકમો માટે વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ દરમિયાન પ્રાપ્ત માહિત આધારે તેનું પાયાનું ગણિત મેળવતા અમદાવાદ શહેરી વિસ્તાર ૧૧.૨૭ મધ્યસ્થ દર્શાવે છે. જેનું પ્રમાણિત વિચલન બધાજ તાલુકાની સરખામણીમાં સૌથી ઓછું છે. પરિણામે તેનો ચલન આંક ૨૦.૮૭ નોંધાય છે જે દર્શાવે છે કે મધ્યમ કદના એકમોની બાબતમાં અમદાવાદ શહેરી વિસ્તારના એકમો વધુ ગતિશીલ રહ્યા છે. તથા વાર્ષિક ધોરણે તેમનો વિકાસ ઓછો વિચલિત છે. આમ, આ વિસ્તારનું જિલ્લા કક્ષાએ સૌથી વધુ યોગદાન રહ્યું છે તેમ કહી શકાય. દસ્ક્રોઈ તાલુકા માટે તેનો મધ્યસ્થ આંક ૧૬.૬૭ દર્શાવે છે. જે પ્રત્યેક વર્ષ માટેનું સ્થિર માપ છે. તાલુકામાં માત્ર બે જ એકમો કાર્યરત રહ્યા છે. પરિણામે તેનો ચલન આંક વધુ પ્રાપ્ત થાય છે. આમ , દસ્ક્રોઈ તાલિકો મધ્યમ કદના એકમોની બાબતમાં સ્થિર રહ્યો છે. જ્યાં છેલ્લા દસ વર્ષમાં એક પણ નવો એકમ કાર્યરત થયો નથી. સાણંદ તાલુકામાં મધ્યમ કદના એકમો પ્રમાણમા વધ ઘટ ધરાવતા રહ્યા છે જેનો મધ્યસ્થ ૧૧.૧૧ પ્રાપ્ત થાય છે. તથા અમદાવાદ શહેરી વિસ્તાર અને દસ્ક્રોઈ તાલુકાની સરખામણીમાં તેનું પ્રમાણિત વિચલન વધુ નોધાયું છે. આમ , જિલ્લા કક્ષાએ વિકાસની બાબતમાં તાલુકો ત્રીજે ક્રમે રહેવા પામ્યો છે જ્યારે બાવળા તાલુકા માટે મધ્યસ્થ કિંમત શૂન્ય થાય છે તથા તેનું પ્રમાણિત વિચલન ૧૫.૩૭ નોંધાયું છે આમ , બાવળા તાલુકો ચોથા ક્રમે રહેવા પામ્યો છે. રાણપુર તથા ધોળકા તાલુકામાં માત્ર એકજ એકમ કાર્યરત રહ્યો છે પરિણામે તેનું પ્રમાણિત વિચલન સૌથી વધુ નોંધવામાં આવ્યું છે. આમ આ તાલુકા પાંચમા ક્રમે રહે છે અન્ય છ તાલુકામાં મધ્યમ કદના એકમો વિકાસ પામ્યા નથી તેથી તેમનું યોગદાન જિલ્લા કક્ષાએ મહ્ત્વનુ રહેતું નથી.

અમદાવાદ જિલ્લા માટે વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ માટે તાલુકા કક્ષાએ મધ્યમ કદના એકમોનું યોગદાન પૂર્ણરત રહ્યું નથી

© RRIJM 2015, All Rights Reserved 

તથા જિલ્લા કક્ષાએ વિકાસ રૂંધાયો છે. આ સંધર્ભે અભ્યાસમાં તાલુકા કક્ષા માટે તથા વર્ષ દરમિયાન મધ્યમ કદના એકમો માટે તેમના વિચલન માટે નીચે મુજબ પરિકલ્પના રચવામાં આવી છે તથા ૫% સાર્થકતાની કક્ષાએ તેમનું પરીક્ષણ મેળવવામાં આવ્યું છે.

$H_{૦૭}$: તાલુકા કક્ષાએ મધ્યમ કદના એકમો વિકશીલ રહ્યા નથી.

$H_{૦૮}$: છેલ્લા દસ વર્ષમાં મધ્યમ કદના એકમો આર્થિક વિકાસમાં મદદરૂપ રહ્યા નથી.

**પરિશિષ્ટ: ૧.3 વિચરણનું પૃથ્થકરણ**

| સ્ત્રોત | SS | df | MS | F | P-કિમત | F crit |
|---|---|---|---|---|---|---|
| તાલુકો | ૧૨૭૭.૫3 | ૮ | ૧૫૯.૬૯ | 0.3૬૫ | 0.3૯૫૫ | ૨.0૬૯ |
| વર્ષ | ૪૧૬૫.૮0 | ૯ | ૪૬૨.૮૬ | ૧.0૫૮ | 0.૪03૯ | ૨.0૧૨ |
| ત્રુટિ | 3૧૪૯૬.૫૪ | ૭૨ | ૪3૭.૪૫ | | | |
| કુલ | 3૬૯3૯.૮૯ | ૮૯ | | | | |

પરિશિષ્ટ ૧.3માં બંને પરિકલ્પના માટે વિચરણનું પૃથ્થક્કરણ મેળવવામાં આવ્યું છે જેમાં બંને પરિકલ્પનાઓ માટે તેમની F વિતરણની કિંમત તથા ૫% સાર્થકતાની કક્ષાએ કિંમતો રજૂ કરવામાં આવી છે. તાલુકા કક્ષાની પરિકલ્પના માટે F વિતરણની કિંમત 0.3૬૫પ્રાપ્ત થાય છે જે ૫% સાર્થકતાની કક્ષાની કિંમત ૨.0૬૯કરતાં ઓછી છે જે પરિકલ્પનાનો સ્વીકાર દર્શાવે છે જે દર્શાવે છે કે તાલુકા કક્ષાએ મધ્યમ કદના એકમો વિકાસશીલ રહ્યા નથી. તેજ પ્રમાણે બીજી પરિકલ્પના છેલ્લા દસ વર્ષના મધ્યમ કદના એકમો માટે કિંમતો દર્શાવે છે.

## સંદર્ભસૂચી


[1] Aruna N(2015): "Problems faced by micro, Small and Medium Enterprises- A Special Reference to Small Entrepreneurs in Visakhapatnam", IOSR Journal of Business and Management (IORS-JBM) Vol. 17, No. 4, pp. 43-49

[2] Anjum B., Ramsing and Verma (2012): "Small Scale Industry: An Engine Of Growth,(time Period: 1990 -9 1 to 2007 - 08)", Zenith International Journal of Business Economics & Management Research, Vol: 2, Issue 5, May -2012, pp : 210 - 221

[3] Bhati S. S.(2002): "The Role of Small-Scale Industries In An Emerging Economy", Research Online,July 2002 (pp. 1-18)

[4] Bansal S(2014): "Small Scale Sector and Its Role in The economic Development",International Research Journal of Commerce and Law(IRJCL) Volume-1, Issue-3 pp.12-23

[5] BalaSubrahmanya. , BalachandraP.andMathirajan (2002): "Research and Development in Small Industry in Karnataka", Economic and Political Weekly, Vol. 37, No. 39, pp. 4010-4017

[6] Bhide(2000): " Development of Small- Scale Industries", Economic Political Weekly, vol. 35,No.50, pp.4389-90)

[7] Camuffo, Arnaldo and Pozzana, Roberto and Vinelli (2008): " Andrea and Benedetti, Laura, Not Doomed to Death: A Map of Small Firms' Business Models in the Italian Textile Apparel Industry",ndustry Studies Conference Paper, SSRN.

[8] Doner, Richard and Noble, Gregory W. and Ravenhill, John (2006): "Industrial Competitiveness of the Auto Parts Industries in Four Large Asian Countries: The Role of Government Policy in a Challenging International Environment",. World Bank Policy Research Working Paper No. 4106. SSRN:

[9] Nuruddin S.H.M. (1990): " Small and Medium Industries in Asian Developing Countries", Asian Development Review-1990

[10] Katyal and Singh(2013): "A Comparative Study of Gujarat, Punjab and Himachal Pradesh in Reference to Selected Industries", Global Journal of Management and Business Research, Volume XIII, Issue I Version I, Year 2013, ISSN: 2249-4588 & Print ISSN: 0975-5853 Pp. 115-121


© RRIJM 2015, All Rights Reserved 